દા ખ લ  તા રી ખઃ ૧૪–૦૫–૧૫
રજીસ્ટરે લીધા તારીખઃ૧૪–૦૫–૧૫
નિ કા લ   તા રી ખઃ ૦૭–૧૨–૨૧
સ   મ   યઃ વ.  મા.  દિ.
**૦૬–૦૬–૨૩**

# મહેસાણાના બીજા અધિક સેસન્સ જજશ્રીની અદાલત, મુ.મહેસાણા

---

**સેસન્સ કેસ નં.૪૯/૧૫**
**આંક–૪૯**

ફરિયાદી......  **શ્રી સરકાર,**

વિ રૂ દ્ધ

આરોપીઓ.

(૧) **ઠાકોર વિક્રમજી ઉર્ફે વિકાજી સ/ઓ ભીખાજી પ્રધાનજી,** ઉ.વ.આ.૨૨, રહે.ખારા, માઢવાસ, તા.જી.મહેસાણા.
(૨) **ઠાકોર અશ્વિનજી સ/ઓ રામાજી કચરાજી,** ઉ.વ.આ.૨૦, રહે.ખારા, કુલપુરા, તા.જી.મહેસાણા.
(૩) **પ્રજાપતિ મનોજકુમાર ઉર્ફે સોમો સ/ઓ મંગળભાઇ રામાભાઇ,** ઉ.વ.આ.૨૮, રહે.મેઉ, ઇન્દિરાનગર સોસાયટી, તા.જી.મહેસાણા.

(૪) **સોલંકી અકબરખાન સ/ઓ અલ્લારખા કાળુભાઇ,** ઉ.વ.આ.૩૨,**(એબેટ)** રહે.ટાકોદી, પ્રાથમિક શાળાની પાછળ, તા.ચાણસ્મા, જી.પાટણ.

(૫) **ઠાકોર અજમલજી સ/ઓ કડવાજી કચરાજી,** ઉ.વ.આ.૨૦, રહે.બાજપુરા, તા.વડનગર, જી.મહેલાણા.

(૬) **ઠાકોર સુરેશજી ઉર્ફે રવિ ઉર્ફે ટીનાજી સ/ઓ તલાજી કુલાજી,** ઉ.વ.આ.૨૨, રહે.ગુંછળી, તા.વિજાપુર, જી.મહેસાણા.

ગુનોઃ- ભારતીય દંડ સંહીતાની કલમ-૩૭૯, ૧૨૦(બી), ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ-૩, ૭ તથા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ-૩,૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ પાઇપ લાઇન એકટની કલમ-૧૫(૨) મુજબ...

---

ફરિયાદી તરફેઃ વિદ્વાન એ.પી.પી.શ્રી આર. કે. જોષી
આરોપીઓ તરફેઃ વિદ્વાન વકીલશ્રી જે.એમ. નાચી/એમ. એન. મલીક

---

સમક્ષઃ- શ્રી એ.એલ.વ્યાસ,બીજા અધિક સેસન્સ જજ, મહેસાણા.

// **ઠ રા વ** //

૧) અત્રે નોંધનીય છે કે, સેસન્સ કેસ નં.૯૮/૧૪ અને સેસન્સ કેસ નં.૪૯/૧૫ બંને એક જ બનાવમાં ઉદભવેલ હોઈ બંને સેસન્સ કેસોમાં તહોમતનામુ ફરમાવ્યા બાદ પ્લી રેકર્ડ કરી બંને સેસન્સ કેસોનો પુરાવો ભેગો નોંધવામાં આવેલ હતો પરંતુ સેસન્સ કેસ નં.૯૮/૧૪ ના આરોપીઓ એફ.એસ.ના તબકકે હાજર રહેતા તેઓ પુરતો કેસ ચલાવી સેસન્સ કેસ નં.૪૯/૧૫ અલગ કરેલ. ત્યારબાદ સેસન્સ કેસ નં.૪૯/૧૫ ના આરોપીઓ હાજર થતા તેઓનું એફ.એસ. રેકર્ડ કરી દલીલો સાંભળવામાં આવેલ.

૨) **કેસની ટુંકમાં હકીકતઃ**–

૨/૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ એકબીજા સાથે મળી ગુનાહિત કાવતરૂ રચી મોજે બલોલ, તા.જી.મહેસાણા ગામની સીમમાં આવેલ જોટાણા ઓ.એન.જી.સી. વેલ નં.૧૮૮ ઉપર ફલેન્ચ લગાવી તા.૧૨–૧૧–૧૩ના રોજ કલાક ૧૮–૦૦ થી કલાક ૧૯–૦૦ દરમ્યાન પાનાઓ વડે વાલ્વ ખોલી, વાલ્વમાં પાઇપ લગાડી ઓઇલ કાઢી વેલના સેલરપીટ (ખાડા)માં ભરી તેમાથી પ્લાસ્ટીકના પાઉચમાં આશરે ઓઇલ લી.૫૫૦ કુલ કિંમત રૂા.૨૨,૦૦૦/– ની ચોરી કરી ઓ.એન.જી.સી. સીકયુરીટી આવી જતાં ઓઇલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ અને તેમ કરી આરોપીઓએ રાષ્ટ્રીય સંપત્તિ ઓ.એન.જી.સી.ના ક્રુડ ઓઇલની ચોરી કરી ગુનો કરેલ છે તેવી ફરિયાદ ફરિયાદીએ સાંથલ પો.સ્ટે.ફ.ગુ.રજી.નં.૭૨/૧૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબ આપેલ.

૨/૨) આ કામે ફરિયાદીએ ફરિયાદ આપતા તે ફરિયાદીના લખાવ્યા મુજબ લખી લઈ, સદર ફરિયાદ ગુનો રજીસ્ટર થવા રીપોર્ટ સાથે આપતા સાંથલ પો.સ્ટે. ફ.ગુ.ર. નં. ૭૨/૨૦૧૩થી ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબનો ગુનો દાખલ કરેલ જે અંગે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી જરૂરી પંચનામુ કરી આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા મહેસાણાના વિદ્વાન જ્યુડી.મેજી.ફ.ક.શ્રીની અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ જે ફોજદારી કેસ નં.૩૫૬૮/૧૪થી દાખલ થયેલ. ત્યારબાદ આ ગુનાના સહઆરોપીઓને અટક કરી તેઓ વિરૂધ્ધ તા.૦૧–૦૨–૧૪ના રોજ ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની

કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબના ગુનાનુ ચાર્જશીટ મહેસાણાના વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરેલ જે ફોજદારી કેસ નં.૩૫૬૮/૧૪ થી રજીસ્ટરે લીધેલ.

૨/૩) ત્યારબાદ મહેસાણાના વિદ્વાન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ આરોપીઓ સામેના બન્ને ચાર્જશીટો ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબનુ તહોમત ધ્યાને લઈ સદર કેસ ચલાવવાનુ તેઓને સત્તા ન હોઈ અને એક માત્ર સત્ર ન્યાયાધીશશ્રીને ચલાવવાની સત્તા હોઈ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરેલ તેમજ આરોપીઓને તેમના વિરૂદ્ધની સેશન્સ કેસની કાર્યવાહીમાં પોતાના ખર્ચે વકીલ રોકવા માગો છો કે સરકારી ખર્ચે વકીલશ્રીની સહાયની જરૂર છે કે કેમ? તે અંગે પુછતા આરોપીઓએ તેઓ ખાનગી વકીલ રોકી કેસ ચલાવવા માગતા હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ વિ.ન્યાયાધીશશ્રીએ તા.૨૩/૦૪/૨૦૧૫ના રોજ સદરહું કેસ સત્ર અદાલતમાં કમીટ કરતો હુકમ કરી મોકલી આપેલ આપેલ.

૩) અત્રેની સેસન્સ અદાલતમાં સદરહુ કેસ કમીટ થઈ આવતા જે સેશન્સ કેસ નં.૪૯/૧૫ થી નોંધી, આરોપીઓ સામેનો કેસ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે આવતા આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળી છે કે કેમ તેની ખાત્રી કરી, આરોપીઓ સામેના ભારતીય દંડ સંહીતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબના ગુનાનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ મુજબ આંક–૩૩થી તહોમતનામુ ઘડી, વાંચી, સંભળાવી આરોપીઓનો જવાબ

અનુક્રમે આંક–૩૪ થી આંક–૩૯ સુધી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો છે અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જાહેર કરેલ. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ અન્વયે ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ મુકરર કરવામાં આવી હતી.

૪) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**(અ) <u>મૌખિક પુરાવો</u> –**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | રતનજી સોમાજી ઠાકોર (પંચ સાહેદ) | ૪૪ |
| ૨ | કાળુજી ધુળાજી ઠાકોર (પંચ સાહેદ) | ૪૬ |
| ૩ | રમેશભાઇ કાશીરામદાસ પટેલ (પંચ સાહેદ) | ૪૮ |
| ૪ | ચેનાજી પબાજી ઠાકોર (પંચ સાહેદ) | ૫૦ |
| ૫ | જસુભાઇ વીરાભાઇ ચૌધરી (પંચ સાહેદ) | ૫૩ |
| ૬ | ઠાકોર બેચરજી સોજરજી (પંચ સાહેદ) | ૫૮ |
| ૭ | ઠાકોર રવાજી શંકરજી (પંચ સાહેદ) | ૬૦ |
| ૮ | ઠાકોર મુકેશજી પરબતજી (પંચસાહેદ) | ૬૧ |
| ૯ | સોલંકી જસુભાઇ ભીખાભાઇ (ફરિયાદી) | ૬૩ |
| ૧૦ | મીર સુલતાનભાઇ મીસરીભાઇ (સાહેદ) | ૬૫ |
| ૧૧ | અજયસીંધ બેનીપ્રસાદ યાદવ (સાહેદ) | ૬૬ |
| ૧૨ | જ્ઞાનેન્દ્રસિંહ રાજવીરસિંહ જાટ (સાહેદ) | ૭૮ |
| ૧૩ | અનીલકુમાર વેરશીભાઇ દેસાઇ (સાહેદ) | ૮૩ |
| ૧૪ | નાડીયા જગદીશભાઇ મોહનભાઇ (સાહેદ) | ૮૪ |
| ૧૫ | ભીખાજી અંબાજી ચાવડા (એ.એસ.આઇ.) | ૯૪ |
| ૧૬ | ખીમસીંગ પ્રેમસંગ રાવત (સાહેદ) | ૧૦૨ |
| ૧૭ | દીપ જનાર્દન જોષી (સાહેદ) | ૧૦૩ |
| ૧૮ | રાજેશકુમાર ભવાનભાઇ ભટોળ (પી.એસ.આઇ.) | ૧૩૨ |

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧૯ | દીતુભા મેરૂભા સોલંકી (એ.એસ.આઇ.) | ૧૪૨ |

(બ) **દસ્તાવેજી પુરાવો** –

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૪૫ |
| ૨ | આરોપીઓ ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય તે અંગેનું પંચનામુ | ૪૯ |
| ૩ | આરોપીઓની શરીર સ્થિતિ તેમજ કબજે કરેલ વાહનનું પંચનામુ | ૫૧ |
| ૪ | આરોપી ઠાકોર લાલાજી ઉદાજીએ ગુનામાં વાપરેલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામુ | ૫૪ |
| ૫ | ઠાકોર સુરેશજી ઉદાજીના ઘર પાસે પડેલ મોટર સાયકલ કબજે કર્યાનું પંચનામુ | ૫૯ |
| ૬ | ફરિયાદ | ૬૪ |
| ૭ | સ્ટેશન ડાયરી | ૯૫ |
| ૮ | ડેપ્યુટ હુકમ | ૯૬ |
| ૯ | આરોપીને અટક કર્યા અંગેની સ્ટેશન ડાયરીમાં કરેલ રીપોર્ટ | ૧૩૩ |
| ૧૦ | મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલી આપેલ જે રવાનગી પત્ર | ૧૩૪ |
| ૧૧ | ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૩૫ |
| ૧૨ | ડી.એફ.એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર | ૧૩૬ |
| ૧૩ | ડી.એફ.એસ. ગાંધીનગર નાઓએ આપેલ પૃથ્થકરણનો રીપોર્ટ | ૧૩૭ |
| ૧૪ | ડી.એફ.એસ. ગાંધીનગર નાઓએ આપેલ પૃથ્થકરણનું પરિણામ દર્શાવતો રીપોર્ટ | ૧૩૮ |

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧૫ | આરોપીઓને અટક કર્યા અંગેની સ્ટે. ડાયરીમાં નોંધ કરવા અંગેનો રીપોર્ટ | ૧૪૩ તથા ૧૪૪ |

૫) ફરીયાદ પક્ષ તરફથી ઉપર મુજબનો પુરાવો રજુ કર્યા બાદ આ કામે પુરસીસ રજુ કરી સેસન્સ કેસ નં.૯૮/૧૪ ના કામે જે પુરાવો લીધેલ તે પુરાવો આ સેસન્સ કેસના પુરાવામાં ધ્યાને લેવા તેમજ વધુ ઉલટતપાસ કરવા માંગતા નથી તેવુ જાહેર કરતા સદર કામે સેસન્સ કેસ નં.૪૯/૧૫ ના પુરાવા સબબ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદ તપાસવા માગતા ન હોવાનુ જણાવી વિશેષમાં આરોપીઓએ જણાવેલ છે કે, *"અમોએ કોઇ ગુનો કરેલ નથી, અમારા ઉપર ખોટો કેસ કરેલ છે."* ત્યારબાદ સદર કામ બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો માટે રાખવામાં આવતા ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર. કે. જોષીની દલીલો સાંભળી તથા ફરિયાદ પક્ષ તરફે રોકાયેલ વિદ્વાન વકીલશ્રીઓની દલીલો સાંભળી.

૬) ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**// મુદ્દાઓ //**

૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજા સાથે મળી ગુનાહિત કાવતરૂ રચી મોજે બલોલ, તા.જી.મહેસાણા ગામની સીમમાં આવેલ જોટાણા ઓ.એન.જી.સી. વેલ નં.૧૮૮ ઉપર ફલેન્ચ લગાવી તા.૧૨–૧૧–૧૩ના રોજ કલાક ૧૮–૦૦ થી કલાક ૧૯–૦૦ દરમ્યાન પાનાઓ વડે વાલ્વ ખોલી, વાલ્વમાં પાઇપ લગાડી ઓઇલ કાઢી વેલના સેલરપીટ (ખાડા)માં ભરી તેમાથી પ્લાસ્ટીકના પાઉચમાં આશરે ઓઇલ લી.૫૫૦ કુલ કિંમત રૂા.૨૨,૦૦૦/– ની ચોરી કરી ઓ.એન.જી.સી. સીકયુરીટી આવી જતાં ઓઇલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ અને તેમ કરી આરોપીઓએ રાષ્ટ્રીય સંપત્તિ ઓ.એન.જી.સી.ના ક્રુડ ઓઇલની ચોરી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા

કલમ–૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ–૧૫(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનાઓ કરેલ છે?

૨) શું હુ ક મ ?

૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં

૨). આખરી હુકમ મુજબ.

// **કા ર ણો** //

૮) **દલીલોઃ–**

૮.૧) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર. કે. જોષી નાઓએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આરોપીઓએ એકબીજા સાથે મળી ગુનાહિત કાવતરૂ રચી બલોલ, તા.જી.મહેસાણા ગામની સીમમાં આવેલ જોટાણા ઓ.એન.જી.સી. વેલ નં.૧૮૮ ઉપર ફલેન્ચ લગાવી તા.૧૨–૧૧–૧૩ના રોજ ક.૧૮–૦૦ થી ૧૯–૦૦ દરમ્યાન પાનાઓ વડે વાલ્વ ખોલી, વાલ્વમાં પાઇપ લગાડી ઓઇલ કાઢી વેલના સેલરપીટ (ખાડા)માં ભરી તેમાથી પ્લાસ્ટીકના પાઉચમાં આશરે ઓઇલ લી.૫૫૦ કુલ કિંમત રૂા.૨૨,૦૦૦/– ની ચોરી કરી ઓ.એન.જી.સી. સીકયુરીટી આવી જતા ઓઇલ સ્થળ ઉપર મુકી નાસી ગયેલ તેમ કરી આરોપીઓએ રાષ્ટ્રીય સંપતિ ઓ.એન.જી.સી.ના ક્રુડ ઓઇલની ચોરી કરી ગુનો કર્યાનું તહોમત આરોપીઓ ઉપર મુકવામાં આવેલ છે જે અંગે ફરિયાદી, સાહેદો તથા પંચોને તપાસવામાં આવેલા છે અને આક્ષેપિત બનાવને પુરવાર કરેલ છે. જેથી આરોપીઓને તકસીરવાન ઠરાવવા યોગ્ય નશ્યત કરવા લંબાણપૂર્વક દલીલ કરેલ છે.

૮.૨) આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીએ મુખ્યત્વે દલીલ કરેલ છે કે, આ કામે તપાસવામાં આવેલા પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા છે તેમજ તે સિવાય તપાસવામાં આવેલ ફરિયાદીના પુરાવામાં સરતપાસમાં કોઇ અજાણ્યા ઇસમોએ ચોરી કર્યાનું જણાવેલ છે તેમજ આરોપીઓને તેઓ ઓળખી શકે નહી તેમ જણાવેલ છે. તેમજ આ

કામે આંક–૬૪ વાળી ફરિયાદ જોવામાં આવે તો તેમા પણ ઓઇલ કોઇ અજાણ્યા ઇસમોએ ચોરી કર્યાની હકીકત જણાવેલ છે. તે સિવાય તપાસવામાં આવેલા સાહેદો તેઓના પુરાવામાં પણ ચોરી કોઇ અજાણ્યા ઇસમોએ કરી હોવાનો પુરાવો આપેલો છે. જેથી આ કામના આરોપીઓને સદર ગુનામાં સાંકળી શકાય તેવો કોઇ મહત્વનો પુરાવો રેકર્ડ ઉપર ઉલિત થતો નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી દેવા લંબાણપૂર્વકની દલીલ કરેલ છે.

૯) હવે ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ લેખિત/મૌખિક પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો,....

૧૦) **ફરિયાદીનો પુરાવો**

૧૦.૧) **સોલંકી જસુભાઇ ભીખાભાઇ (PW–૦૯, જુબાની આંક–૬૩)**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તેઓ ઓ.એન.જી.સી.માં સીકયુરીટી સુપરવાઇઝર તરીકે ફરજ બજાવતા હતા. બનાવ તા.૧૨–૧૧–૧૩ના રોજ બનેલો. બનાવના દિવસે સાંજે આશરે સાડા સાત વાગે બલોલ તેલકુવાની સંભાળ રાખવા સારૂ પેટ્રોલીંગમાં નીકળેલા તે વખતે તેઓ સાથે એસ.આર.પી.ના અનીલ દેસાઇ તથા ગાડીના ડ્રાઇવર નાડીયા સાથે ગાડી નં.જી.જે.૦૨.ડબલ્યુ.૧૩૧૩ ની લઇને પેટ્રોલીંગમાં ફરતા ફરતા બલોલ ગામની સીમમાં આવેલ વેલ નં.૧૮૮ નજીક સાડા સાત વાગે ગયેલા ત્યાં જોયેલ તો વેલની નજીકમાં મીણીયાના સફેદ કલરના પાઉચ નંગ–૨૨ ઓઇલથી ભરેલ પડેલા. આજુબાજુ બેટરી વડે તપાસ કરતા કોઇ ઇસમ મળી આવેલ નહી. જેની જાણ સેકટર ઇન્ચાર્જ એસ.એમ.મીર સાહેબને કરેલ. જેથી તેઓના સાહેબ, સુરક્ષા અધિકારી રાવત તથા દીપ જોષી તથા જ્ઞાનેન્દ્રસિંઘ તથા અજયસિંહ યાદવ આવી ગયેલા. બધાએ ભેગા મળી જોતાં જે એક પાઉચ ૨૫ લી. ઓઇલ એમ કુલ–૨૨ પાઉચમાં આશરે ૫૫૦ લીટરનું ઓઇલ જેની કુલ કિંમત રૂા.૨૨,૦૦૦/– ની ગણાય. જે ઓઇલ કોઇ અજાણ્યા ઇસમોએ ઓ.એન.જી.સી.ના બલોલ વેલ નં.૧૮૮ ના સેલર પીટમાંથી પાઉચ નંગ–૨૨ ભરી, ચોરી કરી, ઓ.એન.જી.સી. પેટ્રોલીંગમાં તેઓ

આવી જતા મુકીને જતા રહેલા જે બાબતે તેઓએ ફરિયાદ આપેલ જે આંક–૬૪થી રજુ છે.

સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, ગુનાવાળી જગ્યા ઉપરથી તેઓની હાજરીમાં સ્થળ ઉપરથી ૨૨ પાઉચ પડેલ હતા તે કબજે કરવામાં આવેલ પરંતુ આરોપીને ઓળખી શકુ નહી તેમ જણાવેલ છે.

ઉલટતપાસનું મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, એ વાતનો સ્વીકાર કરેલો છે કે, આજુબાજુ ખેતરો આવેલા હતા તેમજ આરોપીઓને તેઓએ જોયેલા નથી. ત્યાં કોઇ વ્યકિતના પગના નિશાન કે વ્હીલ માર્ક જોવા મળેલા નહી. વાલ ખુલેલો કે તુટેલો જોવા મળેલ નહી તેમજ પાઇપલાઇન પણ તુટેલી કે પંચરવાળી જોવા મળેલ નહી. આમ, ફરિયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદના પુરાવા સિવાય સમર્થનકારી ગણી શકાય નહી.

**૧૧) <u>સાહેદોનો પુરાવો</u>**

૧૧.૧) **મીર સુલતાનભાઇ મીસરીભાઇ (PW–૧૦, જુબાની આંક–૬૫), અજયસીંઘ બેનીપ્રસાદ યાદવ (PW–૧૧, જુબાની આંક–૬૬), જ્ઞાનેન્દ્રસિંહ રાજવીરસિંહ જાટ (PW–૧૨, જુબાની આંક–૭૮), અનીલકુમાર વેરશીભાઇ દેસાઇ (PW–૧૩, જુબાની આંક–૮૩) તથા નાડીયા જગદીશભાઇ મોહનભાઇ (PW–૧૪, જુબાની આંક–૮૪) નાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ તમામ સાહેદોના પુરાવાનુ એક સાથે કાળજીપૂર્વક મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તેઓ ફરિયાદી સાથે બનાવ સ્થળે ગયેલા ત્યાં કુલ–૨૨ પાઉચ પડેલા હતા, એક પાઉચ આશરે ૨૫ લી. ઓઇલ એમ કુલ–૨૨ પાઉચમાં ૫૫૦ લીટરનું ઓઇલ જેની કિંમત રૂા.૨૨,૦૦૦/– ની ગણાય જે ઓઇલ કોઇ અજાણ્યા ઇસમોએ ઓ.એન.જી.સી.ના બલોલ વેલ નં.૧૮૮ ના સેલર પીટમાંથી ભરી, ચોરી કરી, ઓ.એન.જી.સી.

પેટ્રોલીંગમાં તેઓ આવી જતા મુકીને જતા રહેલા. જે બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા પોલીસે તેઓનુ નિવેદન લીધેલ. તેઓ આરોપીઓને ઓળખતા નથી.

તમામ સાહેદોની ઉલટતપાસનુ મુલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, બનાવની તેઓને કોઇ જાત માહિતી નથી તેમજ બનાવની માહિતી તેઓને ફોન દ્વારા મળેલી. આમ, તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓને સદર ગુનામાં સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી.

૧૧.૨) **ખીમસીંગ પ્રેમસીંગ રાવત (PW-૧૬, જુબાની આંક-૧૦૨) તથા દીપ જનાર્દન જોષી(PW-૧૭, જુબાની આંક-૧૦૩) નાઓને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓ બંને સાહેદોના પુરાવાનુ એક સાથે કાળજીપૂર્વક મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, ખીમસીંગ પ્રેમસંગ ઓ.એન.જી.સી.માં સને ૨૦૦૧ થી ૨૦૧૫ સુધી તેમજ દીપ જનાર્દન જોષી સને ૨૦૦૯ થી ૨૦૧૬ સુધી મહેસાણા ખાતે સીકયુરીટી ઓફિસર તરીકે ફરજ પર હતા. બનાવ તા.૧૨-૧૧-૧૩ના રોજ તેઓના ઓફિસર સીકયુરીટી સુપરવાઇઝર જે.બી. સોલંકીએ ફોન કરીને જણાવેલ કે વેલમાંથી પ્લાસ્ટીકના પાઉચમાં ઓઇલ ચોરી થયેલ છે અને સાઇડમાં મુકેલ છે જેથી તેઓ ગાડીમાં ગયેલા અને જોયેલ તો ૨૨ પ્લાસ્ટીકના પાઉચમાં ઓઇલ ભરેલ હતુ. ચારે બાજુ જોયુ તો બીજુ કંઇ જોવા મળેલ નહી. ચોરી બાબતની ફરિયાદ તેઓના સીકયુરીટી સુપરવાઇઝર જે.બી. સોલંકી નાઓએ આપતા પોલીસે તેઓની પુછપરછ કરેલ.

બંને સાહેદોની ઉલટતપાસનું મુલ્યાંકન કરતા બંને સાહેદોએ એ હકીકતનો સ્વીકાર કરેલો છે કે, આ બનાવ કયારે અને કેવી રીતે બનેલો તે અંગે તેઓને જાત માહિતી નથી. આમ, સદર બંને સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓને સદર ગુનામાં સાંકળી શકાય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી.

## ૧૨). <u>પંચોનો પુરાવો</u>

૧૨.૧) ફરિયાદ પક્ષના પંચ સાહેદ **રતનજી સોમાજી ઠાકોર (PW-૦૧, જુબાની આંક-૪૪)** તેમજ તે જ પંચનામાના બીજા પંચસાહેદ **કાળુજી ધુળાજી ઠાકોર (PW-૦૨, જુબાની આંક-૪૬)**સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, આ બંનેવ પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓ તા.૧૩-૧૧-૧૩ ના રોજ રતનજી સોમાજી બલોલ ગામે ગલ્લા ઉપર બેસેલ હતા તેમજ કાળુજી ધુળાજી મીઠા ગામે રોડ ઉપર હતા ત્યારે પોલીસની ગાડી આવેલ અને તેઓને એક તૈયાર કાગળમાં સહિ કરવાનું કહેતા સહિ કરેલ. જે આંક-૪૫ ના પંચનામામાં તેઓએ તેમની પોતાની સહિ ઓળખી બતાવેલ છે. જેથી તેઓની હાજરીમાં ગુનાવાળી જગ્યાનુ પંચનામુ થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી. બંને પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરી આંક-૪૫ ના પંચનામાની હકીકતોની પુછપરછ કરવા છતા પણ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આ બંને પંચસાહેદોએ આપેલ નથી.

૧૨.૨) ફરિયાદ પક્ષના પંચ સાહેદ **રમેશભાઇ કાશીરામદાસ પટેલ (PW-૦૩, જુબાની આંક-૪૮)** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, સદર પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓ તા.૩૦-૧૧-૧૩ ના રોજ મીઠા ચોકડી પાસેથી પસાર થતા હતા તે સમયે પોલીસે એક તૈયાર કાગળમાં સહિ કરવાનું કહેતા સહિ કરેલ. જે આંક-૪૯ ના પંચનામામાં તેઓએ તેમની પોતાની સહિ ઓળખી બતાવેલ છે. જેથી તેઓની હાજરીમાં આરોપીઓએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને તે અંગેનું પંચનામુ થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી. સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરી આંક-૪૯ ના પંચનામાની હકીકતોની પુછપરછ કરવા છતા પણ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આ પંચસાહેદે આપેલ નથી.

૧૨.૩) ફરિયાદ પક્ષના પંચ સાહેદ **ચેનાજી પબાજી ઠાકોર (PW-૦૪, જુબાની આંક-૫૦)** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, સદર પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓ તા.૨૮-૧૧-૧૩ ના રોજ મીઠા ચોકડી પાસે તેમની હોટલ પાસે બેઠા હતા ત્યારે પોલીસે એક તૈયાર કાગળમાં સહિ કરવાનું કહેતા સહિ કરેલ. જે આંક-૫૧ ના પંચનામામાં તેઓએ તેમની પોતાની સહિ ઓળખી બતાવેલ છે. જેથી તેઓની હાજરીમાં આરોપીઓની શરીર સ્થિતિનું તેમજ કબજે કરવામાં આવેલ વાહનનું પંચનામુ કર્યું હોય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી. સદર પંચસાહેદને હોસ્ટાઇલ જાહેર કરી આંક-૫૧ ના પંચનામાની હકીકતોની પુછપરછ કરવા છતા પણ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આ પંચસાહેદે આપેલ નથી.

૧૨.૪) ફરિયાદ પક્ષના પંચ સાહેદ **જસુભાઇ વીરાભાઇ ચૌધરી (PW-૦૫, જુબાની આંક-૫૩)** ને તે જ પંચનામાના બીજા પંચસાહેદ **ઠાકોર મુકેશજી પરબતજી (PW-૦૮, જુબાની આંક-૬૧)**સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, સદર બંને પંચસાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓ તા.૦૧-૧૨-૧૩ ના રોજ જસુભાઇ તેમની મીઠા ચોકડી પાસેની હોટલ ઉપર હાજર હતા ત્યારે તેમજ મુકેશજી મીઠા ચોકડી ખાતેથી ગાડી લઇને આવતા હતા ત્યારે પોલીસે એક તૈયાર કાગળમાં સહિ કરવાનું કહેતા સહિ કરેલ. જે આંક-૫૪ ના પંચનામામાં તેઓએ તેમની પોતાની સહિ ઓળખી બતાવેલ છે. જેથી તેઓની હાજરીમાં આરોપી ઠાકોર લાલાજી ઉદાજીએ ગુનામાં વાપરેલ મોટર સાયકલ કબજે કરવામાં આવેલ તે અંગેનું પંચનામુ કર્યું હોય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી. સદર બંને પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરી આંક-૫૪ ના પંચનામાની હકીકતોની પુછપરછ કરવા છતા પણ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આ પંચસાહેદોએ આપેલ નથી.

૧૨.૫) ફરિયાદ પક્ષના પંચ સાહેદ **ઠાકોર બેચરાજી સોજરજી (PW-૦૬, જુબાની આંક-૫૮)** તેમજ તે જ પંચનામાના બીજા પંચસાહેદ **ઠાકોર રવાજી શંકરજી (PW-૦૭, જુબાની આંક-૬૦)**સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, આ બંનેવ પંચસાહેદના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, તા.૨૨-૧૨-૧૩ ના રોજ બેચરાજી તેઓના ગામ ખારા મુકામે આવેલ ડેરીમાંથી દુધ લઇને ઘર તરફ જતા હતા ત્યારે તથા રવાજી શંકરજી ખારા ગામે બોર ઉપરથી પાણી ભરવા જતા હતા દરમ્યાન પોલીસે તેઓને એક તૈયાર લખાણ વાળા કાગળમાં તેઓને સહિ કરવાનું કહેતા સહિ કરેલી. જે આંક-૫૯ ના પંચનામામાં તેઓએ તેમની પોતાની સહિ ઓળખી બતાવેલ છે. જેથી તેઓની હાજરીમાં મોટર સાયકલ કબજે કરેલ હોય અને તેનુ પંચનામુ પંચનામુ થયેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફલિત થતો નથી. બંને પંચસાહેદોને હોસ્ટાઇલ જાહેર કરી આંક-૫૯ ના પંચનામાની હકીકતોની પુછપરછ કરવા છતા પણ લેશમાત્ર સમર્થનકારી પુરાવો આ બંને પંચસાહેદોએ આપેલ નથી.

૧૩) **<u>પોલીસ સાહેદોઃ-</u>**

૧૩.૧) **ભીખાજી અંબાજી ચાવડા (PW-૧૫, જુબાની આંક-૯૪)**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તા.૧૧-૧૧-૧૩ના રોજ તેમની નોકરી ૯-૧૫ થી સાંથલ પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે હતી ત્યારે ક.૧૨-૧૫ વાગે ફરિયાદી સોલંકી જસુભાઇ ભીખાભાઇ નાઓએ ફરિયાદ આપેલ જે ફરિયાદ સાંથલ પો.સ્ટે.ફ.ગુ.રજી.નં.૭૨/૧૩ થી ગુનો દાખલ કરી સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૯/૧૭ થી પેજ નં.૧૦ ઉપર નોંધી અસલ સ્ટેશન ડાયરી આંક-૯૫થી રજ છે તેમજ આગળની કાર્યવાહી સારૂ પી.એસ.આઇ. ભટોળ સાહેબ તરફ ડેપ્યુટ કરેલ જે ડેપ્યુટ હુકમ આંક-૯૬થી રજુ છે. આમ, આ સાહેદે ગુનો નોંધ્યા સિવાય કોઇ વિશેષ કાર્યવાહી કરેલ નથી.

૧૩.૨) **રાજેશકુમાર ભવાનભાઇ ભટોળ (PW–૧૮, જુબાની આંક–૧૩૨)**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, આ સાહેદ તા.૧૩–૧૧–૧૩ના રોજ સાંથલ પો.સ્ટે. પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન ફરિયાદી જશુભાઇ ભીખાભાઇ સોલંકી નાઓએ પી.એસ.ઓ. રૂબરૂ ફરિયાદ આપેલ જે ફરિયાદ ગુનો રજી. કરી તપાસ તેઓ તરફ ડેપ્યુટ હુકમ સાથે મળતા તપાસ સંભાળી ગુનાવાળી જગ્યાએ જઇ, સાહેદોના નિવેદનો લઇ, ગુનામાં વપરાયેલ મોટર સાયકલ પંચો રૂબરૂ કબજે કરી, આરોપીઓની શરીર સ્થિતિનું પંચનામુ કરી, પોલીસ અધિ.શ્રી મહેસાણાના હુકમ આધારે સદર તપાસ પો.ઇ.શ્રી એલ.સી.બી. નાઓને સોંપવા હુકમ કરતા તેઓને સોંપેલ. આંક–૧૩૩ થી સ્ટેશન ડાયરીનો રીપોર્ટ, આંક–૧૩૪થી મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલી આપેલ જે રવાનગી પત્ર, આંક–૧૩૫ થી ડી.એફ.એસ. ગાંધીનગર ખાતે મુદ્દામાલ મળ્યાની પહોંચ, આંક–૧૩૬ થી ડી.એફ.એસ. ગાંધીનગરનો ફોરવર્ડીંગ લેટર, આંક–૧૩૭ થી ડી.એફ.એસ. ગાંધીનગર નાઓએ આપેલ પૃથ્થકરણનો રીપોર્ટ તથા આંક–૧૩૮ થી ડી.એફ.એસ. ગાંધીનગર નાઓએ આપેલ પૃથ્થકરણનુ પરીણામ દર્શાવતો રીપોર્ટ રજુ કરેલ છે.

ઉલટતપાસનું મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, બનાવવાળી જગ્યા ખુલ્લી અને ખેતરોવાળી આવેલ છે. લોકોની અવર જવર રહે છે. તેઓએ ડીસ્કવરી પંચનામા દરમ્યાન કોઇ મુદ્દામાલ કબજે કરેલ નથી. ટુંકમાં આ સાહેદે બનાવની જાણ થતા સ્થળ ઉપર જઇ પંચનામાઓ કરેલ તેમજ સાહેદોના નિવેદનો લીધેલા. તે સિવાય વિશેષ પુરાવો ફલિત થતો નથી.

૧૩.૩) **દીતુભા મેરૂભા સોલંકી (PW–૧૯, જુબાની આંક–૧૪૨)**થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે, તા.૨૫–૦૩–૧૪ના રોજ તેઓ એલ.સી.બી. કચેરી મહેસાણા ખાતે

એ.એસ.આઇ. તરીકે ફરજ પર હતા દરમ્યાન સદર ગુનાની તપાસ તેઓએ સંભાળી આરોપીઓને અટક ક્યા અંગેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા અંગેના રીપોર્ટો આંક-૧૪૩ તથા આંક-૧૪૪ થી રજુ કરેલ તેમજ તપાસ પૂર્ણ થઇ જતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. આમ, આ સાહેદે ચાર્જશીટ સિવાય કોઇ વિશેષ કાર્યવાહી કરેલ નથી.

૧૪) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે, ફરિયાદીએ તથા તપાસવામાં આવેલા તમામ સાહેદોએ તેઓના પુરાવામાં ઓઇલની ચોરી અંગેની હકીકત જણાવેલ છે પરંતુ સદર ઓઇલની ચોરી કોઇ અજાણ્યા ઇસમોએ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેમજ આંક-૬૪ની ફરિયાદમાં પણ સદર ચોરી કોઇ અજાણ્યા ઇસમોએ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ આ કામે કોઇ પણ સાહેદોએ તેમજ ફરિયાદીએ આ કામના આરોપીઓને ઓળખી બતાવેલા નથી. આ કામે તપાસવામાં આવેલ તમામ પંચો હોસ્ટાઇલ જાહેર થયેલા છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત પુરવાર થતો ન હોઈ આરોપીઓને આક્ષેપિત ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// **<u>હુ ક મ</u>** //

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ-૧૨૦(બી), ૩૭૯, ૧૧૪ તથા ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ-૩, ૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ-૩, ૭ તથા ધી પેટ્રોલીયમ એન્ડ મિનરલ્સ પાઇપ લાઇન એકટની કલમ-૧૫(૨) મુજબના ગુના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) (૧)મુદ્દામાલ જીપ મહિન્દ્રા મેકસ નં.જી.જે.૧૮.યુ. ૯૨૩૨, (૨)ટાટા જીપ ગાડી નં.જી.જે.૦૭.એઆર.૧૩૩૬, (૩) બજાજ પલ્સર નં.જી.જે.૨૪.ઇ.૯૪૬૬, (૪) બજાજ મોટર સાયકલ જી.જે.૦૨.એએલ. ૬૨૭૫ અંગે વચગાળાના કસ્ટડીના કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે તે સિવાય બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

(૩) આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)મુજબ રૂ. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર)ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

ઉપરોકત હુકમ આજ તા.૦૭મી માહે ડીસેમ્બર ૨૦૨૧ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ૦૭–૧૨–૨૦૨૧.
સ્થળઃ મહેસાણા.

( અંબરીષ લાલજીભાઈ વ્યાસ )
(JUDGE CODE No. GJ 00508)
બીજા અધિક સેસન્સ જજ, મહેસાણા